શેઠ હઠીસીંગ

ચરિત્ર

મગનલાલ હીરાચંદ શાહ.

વીરમગામ.

॥ परमात्मने नमः ॥

श्री

કાન્હડ કઠીયારા ચરિત્ર.

(ભાષાંતર)

લેખક તથા પ્રકાશક,

મગનલાલ હીરાચંદ શાહ.

(નળબાવળીવાળા.) મુ. વીરમગામ.

પ્રત ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

સંવત ૧૯૭૨. વીરસંવત ૨૪૪૨ ઈ. સ. ૧૯૧૬

મુલ્ય ૦-૪-૦.

અમદાવાદમાં

રીચીરોડના પુલનીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાભાઇએ છાપ્યું

ગ્રંથાર્પણ.

રા. રા. શેઠજી સાહેબ,


વોરા. શંકરદાસ લખમીચંદભાઇ.

મુ. વીરમગામ.

આપના મારી તર્ફના પ્રેમથી, આપના જનસેવા કરવાના
ઉત્સાહથી, આપના વિદ્યાદેવી ઉપરના અનુરાગથી,
વળી જૈન તેમજ અન્ય વર્ગ પ્રત્યે સમાન
દ્રષ્ટિ અને એવા આપના અનેક બીજા
સદ્ગુણોથી આકર્ષાઇ હું મારી
આ અલ્પકૃતી આપને
અર્પણ કરૂંછું. આપ
તે કૃપા કરી
સ્વીકારશો.

તા. ૧૨-૧૦-૧૯૧૧.
વીરમગામ.
વીજીયાદશમી.

લી. આપનો,
મગનલાલ હીરાચંદ શાહ.



બે બોલ.

ભાષાંતર કરવાનો આ મારો પ્રથમ પ્રયાસ છે. શબ્દશઃ ભાષાંતર નહિ કરતાં ગુજરાતીભાષામાં ઠીક લાગે એવું ભાષાંતર કરવા યોગ્ય કાળજી વાપરી છે. છતાં બીન અનુભવ અને અલ્પજ્ઞાનને લીધે ગુજરાતી વિદ્વાનમંડળને પસંદ નહિ આવે, તોપણ તોતડું બાળક ઉમંગથી ઘરનો દરવાજો ઠોકે છે તો તેને માનથી વધાવી લે છે, તે પ્રમાણે આ નાનકડા પુસ્તકને પણ ગ્રહણ કરવામાં આવશે તો હું મારો પ્રયત્ન સફળ થયો ગણીશ.

આ ભાષાંતર પ્રસિદ્ધિમાં લાવવા મને મારા મિત્ર પ્રોફેસર અમૃતલાલ માણેકચંદે ઉશ્કેર્યો છે. તેઓને સ્નેહને લીધે મારૂં લખાણ પ્રિય લાગે એમાં નવાઇ નથી. પરંતુ મારે વાંચકવૃંદને વિજ્ઞપ્તિ કરવાની કે તેઓ ભાષાન્તરના ગુણ દોષ તરફ દુર્લક્ષ દાખવી તેમાંનો સાર ગ્રહણ કરશે.

આ ભાષાંતર છાપવામાં અને ગ્રાહકો વિગેરે કરી આપવામાં મુંબાઇ નીવાસી મારા પ્રિય મિત્ર લાલચંદ વાલજીભાઇએ તથા બીજા મિત્રોએ જે અમૂલ્ય મદદ કરી છે તેથી તેઓનો હું અંતઃકરણથી આભાર માનું છું.

જે કોઈ આ ભાષાંતરમાં સમાયેલા ગુણ દોષ મને જણાવવા કૃપા કરશે, તો તે ઉપકારની સાથે બીજી આવૃતીમાં સુધારો કરવામાં આવશે.

મુકામ વીરમગામ.
તા. ૩–૧૦–૧૯૧૬
વિજયાદશમી.

મગનલાલ હીરાચંદ શાહ.

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

શ્રી

કાન્હડ કઠીઆરા ચરિત્ર.

ભાષાન્તર.

આ વેલા વિઘ્નને દૂર કરવાવાળા એવા પરમ આનંદરૂપ ત્રેવિશમા તિર્થંકર **શ્રી પાર્શ્વનાથપ્રભુને** હું વંદન કરૂં છું.

વળી વિદ્યારૂપી વરદાનને દેવાવાળાં હે! સરસ્વતી, તમને હું નમસ્કાર કરૂં છું. કારણ કે તમારી પ્રસન્નતાથીજ આ લઘુ ગ્રંથ લખવા ઇચ્છા થઇ છે.

દાન, શિયળ, તપ, અને ભાવના; એ ચારે વ્રતમાં પણ જે અધિક મહિમાવંત એવું જે શિયળવ્રત છે અને તે વ્રતનું પાલન કરવાથી કાન્હડ કઠીઆરાને કેવું ફળ પ્રાપ્ત થયું તે સર્વ એક ચીત્તથી શ્રવણ કરો.

ઉપદેશ.

હે! ભવ્ય જીવો, આ ઉત્તમ માનવ ભવ, શ્રાવકનું કુળ, અને ગુરૂનો ઉપદેશ, એ બધા સંયોગો મહા દુસ્કર પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. માટે ચેતો અને જૈનધર્મને સર્વોત્તમ જાણી તેના સાર રૂપ દાન, શિયળ, તપ, અને ભાવના એ ચારેનું હમેશાં મનન કરી, તેજ મુજબ નિર્મળ રેહેણી કરણી રાખો. માટીના કાચા ઘડા જેવી આ કાયા છે તેને બગડતાં વાર લાગતી નથી, સંધ્યાના રંગ સમાન આ કાયાનો રંગ પણ કાચો છે, તેને પલટાતાં વાર લાગતી નથી, તે ક્ષણભંગુર છે. વળી આ સંસાર સાગર પણ અસાર છે. તેમાંથી તરવા માટે ધર્મ સાધન કરવું. એક તિર્થની અંદર જેમ અનેક મનુષ્યોનો સમાગમ થાય છે, ને પાછા થોડા વખતમાં સૌ સૌને સ્થાનકે ચાલ્યા જાય છે, તેમ પૂર્વ ભવના સંબંધને લીધે માતા, પિતા, બંધુ, સ્રી, પુત્ર, વિગેરે પરિવાર મળે છે, તથા પૂર્વનો સંબંધ પુરો થતાં સૌ સૌને સ્થાનકે ચાલ્યા જાય છે. માટે કોઇ કોઇનું આ સંસારમાં છેજ નહિ; મોહવશ થઇ પોતે કરેલાં કર્મ જીવને એકલાને ભોગવવાં પડે છે, માટે આ સંસારના ખોટા મોહમાં નહિ લપટાતાં જૈનધર્મ રૂપી નાવને વળગી સંસારરૂપ સમુદ્રથી પાર થવા ઉદ્યમ કરો.

ઉપર પ્રમાણે મુનિરાજ ઉપદેશ આપે છે, તેવામાં એક કઠીઆરો દોડતો આવી, મુનિરાજની પાસે બે હાથ જોડી નમન કરી બેઠો. તેને જોઇ મુનિરાજે પૂછ્યું "તમે શું ધંધો કરો છો?"

ત્યારે તે કઠીઆરે જુવાબ આપ્યો કે "હું હંમેશાં જંગલમાંથી લાકડાં કાપી લાવી તેની ભારી બનાવી વેચીને જે પૈસા ઉપજે છે, તેમાંથી મારૂં ગુજરાન ચલાવું છું." તે સાંભળી મુનિરાજે તેને કેટલાક સવાલ પુછી શિયળનો ઉપદેશ આપ્યો અને સાથે પરસ્ત્રીસેવન ન કરવાનું વ્રત લેવા કહ્યું. મુનિરાજના ઉપદેશથી કઠીઆરા ઉપર જોઇએ તેવી અસર થઇ, અને તેણે દરેક માસની સુદી પૂર્ણિમાને દિવસે સમુળગી સ્ત્રીસેવન નહિ કરવાનું મુનિરાજ પાસે વ્રત લીધું. ત્યાર પછી ઉપદેશ પૂરો થતાં અનેક માણસો યથાસ્થીત નિયમ લેઇ પોતપોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

હવે કઠીઆરો પ્રતિદિન પોતાના વ્રતમાં દ્રઢ રહી હમેશ પોતાની સ્ત્રીપર પ્રેમ રાખવા લાગ્યો, અનુક્રમે કાળ વિક્ષેપ થતાં, વર્ષારૂતુનો સમય આવ્યો. તેવામાં એક સમયે કાળા રંગની ઘાટી મેઘની ઘટા ચઢી આવી છે, વરસાદે મુકેલા વરામાંહેથી ઘોરીઆની માફક પાણી જોરથી વરસે છે, પાસેના વનમાં મોર મધુર શબ્દ કરેછે. ચોતરફ બપૈઆ, તમરાં, અને દેડકાં અવાજ કરી રહ્યાં છે, મેઘની ગંભીર ગર્જના સાથે વિજળી સળાવા કરે છે, થંડો પવન લેહેરોથી વાય છે, જમીન નીલી થઇ ગઇ છે, પહાડોમાંથી નિરઝરણાં ચાલ્યા જાય છે, અને વેલો ઝાડોની સાથે વીંટાઇ ગઇ છે, પચરંગી ખેંચેલું ઇંદ્રનું ધનુષ્ય દેખાય છે, વાદળાંઓની ઘટાથી ગગનમણી સૂર્ય ઢંકાણો છે, આવા વખતમાં સંયોગી સ્ત્રી, પુરૂષો, ઐક્યતાથી એક બીજાને ચિત્તમાં ન્હાય છે, અને વિયોગી લોકો દુઃખ પામે છે.

ઋદ્ધ એટલે વરસાદમાં ઉપજતા રાતા રંગના જીવડાંઓ દે-

ખાય છે. મેઘના બીંદુ વરસવાથી નદીના કીનારા ઉપરાંત પાણી ભરાઇ જવાથી તેના પ્રવાહ છલકતા દેખાય છે, મેઘ વરસવાથી જગતચક્ષુ સૂર્ય ઢંકાઇ ગયો છે, અને ચોતરફ જમીન ઉપર અંધારૂ છવરાઈ ગયું છે. આવા સમયમાં ઉદર પોષણ માટે તે કઠીઆરો હાથમાં કુહાડો રાખી ભયંકર જંગલમાં લાકડાં હાથ નહિ લાગવાથી આમતેમ રખડયા કરતો હતો. ફરતાં ફરતાં નદી કીનારે જઇ પહોંચ્યો, તે નદીની અંદર વરસાદના તોફાનથી અનેક વૃક્ષો મૂળ સુદ્ધાં ઉખડીને તણાતા આવતાં હતાં, તે જોઇને તે પોતાની પાસેનો કાંબળો કમ્મરે વીંટાળીને એકાદ લાકડું નદીમાંથી ખેંચી કાઢવાનો મનસુબો કરી નદીની અંદર ઉતર્યો કે ક્ષણવારમાં એક મોટું દળદાર લાકડું લેઈ કીનારા ઉપર આવી પહોંચ્યો, ત્યાં લાવી તેને ચીરીને ભારી બનાવી તે વેચવા માટે શેહેરમાં ચાલ્યો, માથે ભારી ઉપાડી બજારે કઠીઆરો ચાલ્યો જાય છે, તેટલામાં તેજ નગરમાં વસ્તા જૈન ધર્મમાં ચુસ્ત, શ્રાવકના બાર વ્રત ધારક, તથા ચૌદ નિયમને સારી રીતે પાલન કરવાવાળો શ્રાવક કુળના શૃંગારરૂપ શ્રીપતિ નામે ધનાઢ્ય શેઠનો ચંપક નામે નોકર તે કઠીઆરાને સામો મળ્યો, તેણે કઠીઆરાને જોઇ ભારીની કિંમત પૂછી. કઠીઆરે ચાર આના જણાવ્યા. જેથી ખરીદ કરી ચંપક મુનીમ તેને શેઠને ઘેર લેઇ ચાલ્યો, અને ત્યાં જઈ ભારી ચોકમાં નંખાવી પૈસા આપી કઠીઆરાને વિદાય કર્યો. હવે શ્રીપતિ શેઠ ગોખમાં બેઠા હતા. ત્યાં એકદમ ખુશબો આવવા લાગી. તેથી ખુશબો જે બાજુએથી આવતી હતી તે બાજુ શેઠે નજર ફેરવી તો ચોકમાં પડેલ ભારી જોઇ. તેથી અચંબો પામી વિચાર કરવા લાગ્યા કે આવી ઉત્તમ બાવનાચંદ-

નની ભારી ચોકમાં ક્યાંથી ? આ પ્રમાણે શેઠ વિચાર કરે છે તેટલામાં ચંપક મુનિમ ત્યાં આવ્યો, અને ચોકમાં પડેલ ભારી શેઠને બતાવી. કીમત પૂછતાં તેણે ચાર આનામાં ખરીદ કર્યાનું જણાવ્યું. તે સાંભળી શેઠ ચોકમાં આવ્યા ચંપકને જેની પાસેથી ભારી વેચાતી લીધી હોય તેને પાછો બોલાવી લાવવા મોકલ્યો. હવે આંહી શેઠે ભારીની બરાબર તપાસ કરી. તે ઉંચા બાવનાચંદનની હોવાથી પાંચસો સોનૈયા કીમત નક્કી કરી, તેટલીવારમાં ચંપક મુનિમ પણ કઠીઆરાને લેઇ પાછો આવ્યો, તેને જોઇ શેઠે બધી બીના જણાવી તથા ભારીની કીંમત જે પાંચસો સોનૈયા થતા હતા તે કઠીઆરાને આપી વિદાય કર્યો.

હવે કઠીઆરો ત્યાંથી પાંચસો સોનૈયા લેઇ ચાલતાં નગરની અંદર ફરતાં ફરતાં એક અતિ લાવણ્યવતી ગુણીકા કામલત્તાના મહેલ પાસે આવી પહોંચ્યો. રાતનો સમય સમીપ આવતો જોઇ ત્યાંજ રાત્રી ગુજારવાના વિચારથી તે મેહેલમાં દાખલ થયો. અને ગુણિકાને પોતાનો વિચાર જણાવ્યો. તે સાંભળી તે પોતાનું સ્ત્રીચરિત્ર ચલાવી અનેક જાતના નિર્લજ ચાળા, ચટકા તથા નેત્ર કટાક્ષથી હાવ, ભાવ, સાથે કઠીઆરાને વશ કરી મેહેલમાં એક ખાટ ઉપર માનસહીત બેસાડી પોતે સંગાર—સજવા ચાલી ગઇ.

માથાના કાળા ભ્રમર જેવા કેશ કલાપને ઘણીજ સુંદર રીતે તેલ તથા અત્તર નાંખી ફુલ પરોવી અજબ ગુંથણીથી ગુંથ્યું નેત્રની અંદર સ્ત્રીને જેના ઉપર હમેશ પ્રેમ હોય છે તેવું જે કાજળ તે આંજ્યું, લલાટમાં કુમકુમ તથા કેસરની અર્ધચંદ્રાકાર આડ, નાસીકામાં ઉમદા પાણીદાર મોતીની વાળી, કંઠસ્થાનમાં

રત્નજડીત અમુલ્ય હાર, બંને હાથે બેરખાં, રત્નજડીત સોનાની અંગડીઓ, તથા કંકણો, અને પગમાં નુપુર તથા બદન ઉપર મહા મુલ્યવાન જરીની બુટાવાળી કંચુકી તથા તે ઉપર જરકસી ઝીણા બુટાવાળી સાડી વીગેરે આભુષણો પરિધાન કરી, પગને વિષે નુપુરનો મધુર મંદ ઝણકાર કરતી, મુખમાં પાનની પટી ચાવતી કઠીઆરા પાસે આવી બેઠી. તેનું શરદ પુનમના ચંદ્ર સમાન તેજસ્વી મુખકમળ, તથા અમી રસથી ભરપુર પ્રવાલા સમાન લાલ અધર, દાડમની કળી માફક દંત પંક્તિ, તથા પર્વતના શિખર સમાન ઊંચા કઠીન કુચ પ્રદેશ અને સિંહ સમાન નાજુક કમરનો સુકુમાર બાંધો, તથા હંસગતી સમાન મધુર મંદ ચાલ, વિગેરે અપ્સરા સમાન અવર્ણનીય ,સુકુમાર સ્વરૂપ જોઇને મોટા મુનિવરોનું પણ ધ્યાન ભંગ થાય તો,–

આપણી વાર્તાનો નાયક કઠીઆરો કે જે ખાસ તેની સાથે વિલાસ કરવા માટેજ આવ્યો હતો; તે મુગ્ધ બની, સ્થીતિનું ભાન ભૂલે તેમાં શું નવાઇ ?–તે મોહમાં લુબ્ધ બની ગયો અને પરવશ થઇ પોતાની પાસેના પાંચસો સોનૈયા તે કામલત્તા ગુણીકાને આપી દીધા, તે લેઈ તે ખુશી થતી ત્યાંથી ચાલી ગઇ અને યોગ્ય જગ્યાએ મુકી આવી. કઠીઆરા સાથે સુખ .વિલાસ કરવાની શરૂઆત કરવા માંડી, અને તેને તેલ, અત્તર, સાબુ, વીગેરે શરીરને સાફ કરનારા તથા સુગંધી આપનારા પદાર્થોથી ખુબ ચોળીને નવરાવી અત્યંત કીંમતી વસ્ત્ર પોતાને ત્યાંથી પહેરવા માટે ગુણીકાએ આપ્યા. વસ્ત્ર પહેરી રહ્યા બાદ એક આસન ઉપર તેને બેસાડી દાસીએ અનેક જાતના મેવા મીઠાઇ વીગેરે ભોજન કનક

પાત્રની અંદર પીરસી હાજર કર્યું, એટલે ગુણીકા તથા કઠીઆરે બંને સાથે બેસી અરસ્પરસ ઘણાજ આગ્રહ સાથે ભોજન કર્યું.

ભોજનનું કામ આટોપ્યા બાદ મુખવાસ માટે પાન, સોપારી, ઈલાયચી, લવીંગ, વીગેરે પદાર્થો આવ્યા, તેનો પણ બંને જણે યથાયોગ્ય ઉપયોગ કર્યો. બાદ કામલત્તાએ પોતાના જે ઊત્તમ ગવૈયા હતા, તેમને પોતાના હુન્નરના સાજ સાથે હાજર કરવા માટે દાસીને આજ્ઞા કરી, પોતાની શેઠાણીનો હુકમ મળતાં થોડીજ પળોમાં તે ગવૈયાઓને તેમના સાજ સાથે લાવી હાજર થઈ,

કામલત્તાનો હુકમ મળતાં ગવૈયાઓએ અનેક નવા નવા આલાપો અને રાગ રાગણીઓ સાથે પોતાનું ગાન ચાલુ કર્યું, તથા ગાનાર અને સાંભળનાર બંને પક્ષ તે સંગીતની અંદર તન્મય બની ગયા. આ પ્રમાણે મોજશોખનો કાર્યક્રમ ચાલે છે, એટલામાં કઠીઆરાની નજર તે મેહેલના હવા ઉજાસ માટે મુકેલા એક જાળીયા ઉપર પડી. તે દિવસ શુદી પુર્ણિમાનો હોવાથી ચંદ્રે પોતાની રૂપેરી પીછોડી તમામ જગત ઉપર બીછાવી દીધી હતી, અને તેજ મુજબ પેલા જાળીયા ઉપર પણ ચંદ્રનો શિતળ રૂપેરી પ્રકાશ પ્રસરી રહ્યો હતો. તે પ્રકાશ કઠીઆરાના જોવામાં આવ્યો, અને તે દિવસ પુર્ણિમાનો છે, તેવી તેની ખાત્રી થઈ, અને સાથે પોતે જે વ્રત લીધેલ હતું તે યાદ આવ્યું, તેથી તે ચમક્યો અને મનમાં ઘણોજ પસ્તાવો કરવા લાગ્યો, અને વ્રત પાલન કરવાનો દ્રઢ નિશ્ચય કરી ગુણિકા પાસેથી છટકવાનો માર્ગ શોધવા લાગ્યો; યુક્તિ હાથ લાગતાં ગુણીકા પાસે જંગલ જવાનું નિમિત્ત કાઢી પોતાનું જે ફક્ત એક મુળનું વસ્ત્ર હતું તે પેહેરી લેઇ, ગુણીકાના જે કીંમતી વસ્ત્રો

પોતે પેહેર્યાં હતા તે તમામ ત્યાં મુકી ત્યાંથી ચાલી નીકળ્યો, અને બજારનો રસ્તો પકડયો, ત્યાં જઈ કોઈ શાહુકારની પેઢીના ઓટલા ઉપર રાત્રીભર સુઇ રહ્યો, અને સવાર પડતાં પોતાને રસ્તે પડયો.

હવે પેલી બાજુ કામલત્તા ગુણીકા હાથમાં પાણીની ઝારી પકડી કઠીઆરાના પાછા આવવાની રાહ જોતી ઉભી છે, પરંતુ એક પ્રહર જેટલી રાત્રી વ્યતીત થઈ ગઇ તોપણ તે પાછો આવ્યો નહિ, જેથી ખુબ બુમો પાડી બોલાવવા પ્રયત્ન કર્યો, પરંતુ પ્રત્યુત્તર નહિ મળવાથી હાથમાં બત્તિ લેઇ આસપાસ મેદાનમાં તપાસ કરવા ગઇ તેમાં પણ નિષ્ફળતાજ મળી, જેથી ઉદાસ થઇ પોતાના મેહેલમાં પાછી ફરી, તેટલામાં લગભગ બે પ્રહર જેટલી રાત્રી વ્યતિત થઇ ગએલી હોવાથી પોતાના બીછાનામાં જઇ સુતી અને વિચારવમળમાં ધસડાતી કેટલીક વારે નિંદ્રાદેવીને આધીન થઇ ગઇ.

પ્રાતઃકાળ થતાં સુર્યદેવ પોતાની સોનેરી રસ્મીઓ પ્રસરાવતા દીપી નીકળેલા છે. નગરજનો પોતાના નિત્ય નિયમ તથા કાર્ય ક્રમમાં લાગી કોલાહલથી રાત્રીની શુન્યતાને ધીમેધીમે ઓછી કરી રહ્યા છે, તેવે વખતે કામલત્તા ગુણીકા પણ જાગૃત થઇ પોતાના બીછાનામાં બેસી કઠીઆરા તથા તેની આપેલી પાંચસે સોનામોહોરો સબંધી વિચાર કરવા લાગી. પોતાને જાત મહેનત શીવાય મેળવેલું દ્રવ્ય ગ્રહણ નહિ કરવાનો નિયમ હોવાથી, તે નિયમને સાચવવાને ખાતર પોતાના ધંધાવાળી તમામ ગુણીકાઓનો મત લેઈ તેઓ બતાવે તે પ્રમાણે પેલી સોનામોહોરોનો વ્યય કરવા વિચાર કર્યો; અને તે પ્રમાણે પોતાની દાસીને મોકલી. થ્રુ,

સુવાન, બાળ વીગેરે તમામ ગુણીકાઓને પોતાને ત્યાં એકત્ર કરી, તથા તેઓ સમક્ષ પેલી સોનામોહોરો મુકી તે સંબંધી વીગતવાર હકીકત જણાવી અને સાથે સાથે પોતાનો નિયમ પણ જણાવ્યો અને પોતે તેમાંથી એક પાઇ પણ રાખશે નહિ, તેવું ચોખ્ખા શબ્દોમાં કહ્યું, તે સાંભળી સર્વે ગુણીકાઓ એકમત થઇ રાજા પાસે તેનો ન્યાય કરાવા નિશ્ચય કર્યો.

રાજા પાસે જઇ યોગ્ય મર્યાદા સહીત રાજાને તથા તમામ સભાને નમન કર્યા બાદ તમામ હકીક્ત તથા કામલત્તા ગુણીકાનો નિયમ વિગેરે સવિસ્તર નમ્રતાપૂર્વક રાજાને જણાવ્યું.

ગુણીકાઓની આ વાર્તા સાંભળી રાજાએ યોગ્ય સવાલો પૂછી સંતોષકારક જવાબ મળતાં, તે સોના મોહોરો પોતાના ભંડારમાં અનામત મૂકી રાખવા મંત્રિને આજ્ઞા કરી; ગુણીકા કામલત્તાની યોગ્ય શબ્દોમાં પ્રશંસા કરી રજા આપી.

ગુણીકાઓના ગયા પછી રાજાએ પડહ વજાડી સોનામોહોરો સંબંધી હકીકત પ્રજાવર્ગને જણાવવાની આજ્ઞા કરી. રાજાનો હુકમ મળતાં મોહોલ્લે મોહોલ્લે અને ગલીયે ગલીયે તથા જાહેર રસ્તાઓ ઉપર ફરી પડહવાળો સોનેયા સંબંધીની વાર્તા પ્રજા વર્ગને જાણ કરવા લાગ્યો. પરંતુ કોના છે તે સંબંધી પૂછતાં કોઇ તેનો માલીક છે તેવું કબુલ કરતા નથી, તેવી રીતે પડહ વજાડતો તથા લોકોને પૂછતો પડહવાળો નગરમાં ફરતો હતો. તેવામાં તે વાત કઠીઆરાના સાંભળવામાં આવી. તેથી તે પડહવાળા પાસે જઇ તે સોનામોહોરો મારી છે, તેવું જણાવ્યું તે

સાંભળી રાજાના સેવકો તેને રાજાની હજુરમાં લેઇ ગયા. તેના ગરીબાઇના વિચીત્ર વેશના દેખાવથી રાજાને મનમાં શંકા થઇ અને અજાયબીસહ પૂછ્યું કે આ પાંચસો સોનામોહોરો ત્હારી છે. જવાબમાં કઠીઆરે હા કહી જેથી રાજાએ પ્રશ્ન કર્યો કે તે તારી પાસે ક્યાંથી તથા કેવી રીતે આવી ? રાજાનો આ પ્રમાણે પ્રશ્ન સાંભળી કઠીઆરે સવીસ્તર બીના જણાવી કહ્યું કે, " હું હમેશ જંગલમાંથી લાકડાંની ભારી લાવી તે વેચી મારૂં ગુજરાન ચલાવુ છું. એક વખત જંગલમાંથી ભારી લેઇ નગરમાં આવતો હતો, તેવામાં એક મુનિરાજ લોકોને ઉપદેશ આપતા હતા, તે મારા જોવામાં આવ્યા. તેથી હું પણ મુનિરાજ પાસે જઇ વંદન કરી પાસે બેઠો. અને શિયળ મહિમાનો વિષય નીકળતાં તે ઉપદેશની મારા ઉપર વધારે અસર થઇ, તેથી મ્હેં દરેક માસની સુદી પૂર્ણિમાને દિવસે સ્ત્રી સેવન નહિ કરવાનું તે મુનિરાજ પાસે વ્રત અંગિકાર કર્યું. ઉપદેશ સમાપ્ત થતાં સૌ સૌને સ્થાનકે ગયા, અને હું પણ મારા ઉદર પોષણના ધંધામાં જોડાયો. એમ અનુક્રમે ઘણા દિવસો ચાલ્યા ગયા. એક દિવસ હું બજારમાં ભારી લેઇ વેચવા જતો હતો, એવામાં રસ્તામાં શ્રીપતિ શેઠનો મુનિમ ચંપક સામે મળ્યો, તેણે મારી ભારી ચાર આને ખરીદ કરી. અને શેઠને ઘેર લેઈ ગયો. ત્યાં ભારી ચોકમાં નાખી કરેલ મુલ્ય લેઈ હું ચાલતો થયો. મારા ગયા પછી ગોખમાં બેઠેલ શ્રીપતિ શેઠની નજર તે ભારીપર પડી, અને તે બાવનાચંદનની છે,

તેવું તેમના જાણુવામાં આવ્યું, તેથી મુનિમને પાસે બોલાવી તેની કીમત પૂછી. મુનિમે ચાર આને ખરીદ કર્યાનું જણાવ્યું, તેથી શેઠે મને પાછો બોલાવી લાવવા મુનિમને આજ્ઞા કરી, પોતે ભારીની કીમત નક્કી કરવા રોકાયા; મારા ત્યાં ગયા બાદ તમામ હકીકત જણાવી ભારીની કીમત બદલ પાંચસે સોનૈયા આપી મને વિદાય કર્યો. તે લેઇ હું ચાલ્યો જતો હતો. રસ્તામાં કામલત્તા ગુણીકાનો મેહેલ જોવામાં આવ્યો. તે જોઈ પાસે સોનૈયા હતા, વળી વખત પણ સાંઝનો થવા આવેલ હોવાથી રાત્રી ત્યાંજ ગુજારવાનો વીચાર કરી, હું તે મેહેલમાં દાખલ થયો. ત્યાં ગુણીકાએ મારી ઘણીજ સારી રીતે આગતાસ્વાગતા કરી મને ખુશી કર્યો. તેથી તેના સ્વરૂપમાં લુબ્ધ બની હું પરવશ થઈ ગયો, અને મારી પાસેની તમામ સોનામોહોરો તેને આપી દીધી. તે લેઈ ખુશી થઇ તેણે મારી સાથે વિલાસ વાર્તા કરવા માંડી, તેમ કરતાં કેટલોક વખત વીતી ગયો, અને રાત્રિનો અમલ શરૂ થયો. તે દિવસ સુદી પૂર્ણિમાનો હોવાથી આકાશમાં ચંદ્ર પ્રકાશ થયો. તે જોઇ મને મારૂં વ્રત યાદ આવ્યું, તેથી મનમાં પસ્તાવો થયો અને ત્યાંથી નાહાસી છુટવાનો માર્ગ શોધવા લાગ્યો, અને જંગલ જવાનું બ્હાનું કાઢી ગુણીકાની રજા લેઇ ત્યાંથી ચાલી નીકળ્યો. રાત્રિ એક વેપારીની દુકાનના ઓટલા ઉપર નિંદ્રા લેઈ પસાર કરી. એ પ્રમાણે મારૂં વ્રત પાળવાને માટે સોનામોહોરો ત્યાંજ મુકી હું અખંડ રીતે વ્રત પાળી શક્યો છું.

ઉપર પ્રમાણે કઠીઆરાના મ્હોંથી હકીકત સાંભળી રાજાએ શ્રીપતિ શેઠને બોલાવી લાવવા પોતાના સેવકને આજ્ઞા કરી. શ્રીપ-

તિશેઠના આવ્યા પછી રાજાએ—સોનામોહોરો કઠીઆરાને કેવી રીતે મળી તે શેઠના મ્હોંથી યથોચીત હકીકત સાંભળી શેઠની પ્રમાણીક વ્રત્તીની રાજા તથા સભાજનો પ્રશંસા કરવા લાગ્યા, અને સર્વની સમક્ષ તે સોનામોહોરો કઠીઆરાને તેના શિયળવ્રત પાલન માટે યોગ્ય શબ્દોમાં પ્રસંશા કરી રાજાએ સોંપી દીધી. અને તેનું માન વધાર્યું. આવી રીતે રાજાની કૃપા મળવાથી ભારી વેચવાનું તેણે બંધ કર્યું.

અનુક્રમે કેટલાક દિવસો પસાર થતાં એક સમયે તે નગરના એક ઉદ્યાનની અંદર કોઈ કેવલજ્ઞાની મુનિરાજ પોતાના પરિવાર સહિત પધાર્યા, તેથી ઉદ્યાનપાલક રાજા સમક્ષ જઇ નમ્રતા પૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યો. " હે દેવ ? અનેક સુરાસર, વિદ્યાધર, અને મનુષ્યોથી અનુસરાયેલા ઉદ્યાનનો પ્રદેશ જેણે પાવન કર્યો છે એવા કોઇ કેવલજ્ઞાની મુનિરાજ આપણા ઉદ્યાનમાં પધાર્યા છે. તેની હું આપને વધામણી આપું છું. "

ઉદ્યાનપાલકના મુખથી તે વધામણી સાંભળતાં જાણે અમૃતની વૃષ્ટિથી સિંચન કરાયેલ હોય, ત્રણ ભુવનની લક્ષ્મીએ પ્રેમપૂર્વક આલિંગન કર્યું હોય, અને રતિસાગરમાં જાણે સ્નાન કર્યું હોય એવા રાજાએ ક્ષણવાર આંખો બંધ કરી કંઇક અવાચ્ય સુખનો અનુભવ લેઇને તેને ઇનામમાં બહુ દ્રવ્ય આપ્યું.

પછી એક ભ્રકુટીની ઇસારત માત્રથી તત્કાળ બધી સામગ્રી તૈયાર કરાવી, કૈલાસ પર્વત જેવા મોટા હાથીના સ્કંધપર આ-

રૂઢ થઇ, સુરાસુરથી મથન કરાતા એવા ક્ષીરસાગરના ફીણના પિંડ સમાન ઉજ્જવલ એવા મોટા છત્રથી સૂર્યના પ્રતાપનો પરાભવ કરતો, શરદ ૠતુના ચંદ્ર સમાન મનોહર ચામરો જેનાપર ઢળી રહ્યા છે, એવો હાથી અશ્વો વીગેરેના તથા રત્નોથી બનાવેલ રથોના સમુહથી પરિવારિત અને કરોડો સુભટોથી સુભોભિત એવો તે રાજા ઉદ્યાનમાં આવ્યો, અને કેવળી ભગવંતને દૂરથી જોતાંજ હાથી ઉપરથી નીચે ઊતરી પડ્યો. પછી તેણે અત્યંત હર્ષિત થઇ છત્ર, મુગટ, તાંબુલ, શસ્ત્ર અને રત્નમય પાદુકાનો ત્યાગ કરીને, જળથી હાથ પગ અને મુખની વિશુદ્ધિ કરી, વિનયથી મસ્તક નમાવી અંજલી જોડી, નેત્ર અને મન એકાગ્ર કરી, વિધિપૂર્વક કેવળી ભગવાનને વંદન કર્યાં પછી સભામાં બેઠો. સાથેનો તમામ માણસો વંદન કરી, સૌ સૌને સ્થાને બેઠા. પછી રાજાએ નમ્રતા પૂર્વક શ્રીપતિ શેઠ, કાન્હડ કઠીઆરા તથા કામલત્તા ગુણીકા સર્વેની વીગતવાર હકીકત જણાવી પૂછ્યું કે—" હે મહાપુરૂષ ! આ ત્રણેમાં વધારે પ્રસંસાને પાત્ર કોણ ગણાય ? "

રાજાનો ઉપર પ્રમાણે પ્રશ્ન સાંભળી મુનિમહારાજ બોલ્યાઃ—હે રાજન ! તે ત્રણે જણા ઘણાજ અડગવ્રતને પાળવાવાળા ચતુર શીરોમણી છે, પરંતુ તેઓમાં પણ વધારે પ્રસંસા કરવા લાયક તો કઠીઆરોજ છે. કારણ કે—જેમ,—

તિર્થોમાં શત્રુંજય મ્હોટું તિર્થ છે, મંત્રમાં નવકાર મંત્ર મ્હોટો છે, અને નદીઓમાં મંદાકીની નદી મ્હોટી છે. તેમ વ્રતોમાં પણ શિયળવ્રત તેજ મ્હોટામાં મ્હોટું ગણાય છે.

કઠીઆરે નિર્ધનાવસ્થા છતાં દ્રવ્યનો ત્યાગ કર્યો, વળી ઉપરથી રતિ સમાન સ્વરૂપવંત ગુણીકા કે જેને જોઇ મ્હોટા મુનિવરોનાં પણ મન ચલાયમાન થઈ જાય તેવી છે, તેનાથી પણ ન લોભાતાં પોતાના વ્રતને અડગ રીતે વળગી રહ્યો, માટે પ્રસંશાને પાત્ર તો કાન્હડજ છે.

આ પ્રમાણે મુનિરાજના મુખેથી કઠીઆરાની પ્રશંસા સાંભળી રાજા-ઘણો ખુશી થયો, અને સભા વિસર્જન થતાં, ત્યાંથી પોતાના રાજદરબારમાં આવી, રાજાએ કઠીઆરાને ઘણાજ માન સાથે પોતાના મૂખ્ય પ્રધાનની પદવી બક્ષીસ કરી. અને રાજના તમામ કામકાજ તથા ગુપ્ત ભેદોથી થોડાજ વખતમાં માહીતગાર કરી દીધો.

આ પ્રમાણે કઠીઆરાને પ્રધાનપદવી મલવાથી લક્ષ્મીની પણ વૃદ્ધી થવા લાગી, તેનો યથાયોગ્ય લાભ લેઇ સુપાત્ર દાન કરવા, તથા નવીન નવીન જાતના વિલાસ સુખ ભોગવવા લાગ્યો, અને જૈનધર્મની અંદર ચુસ્ત થઇ કુમતિરૂપ દુર્ગુણને દૂર કરી, સુગુરૂ, સુદેવ, અને સુધર્મથી સ્નેહ રાખી, સમકીતના ભેદોને જાણવા ઉત્સુક બની શ્રાવકના શુદ્ધ બાર વ્રતને પાલન કરવા લાગ્યો, તથા હંમેશ પંચપરમેષ્ટિ નવકારનું સ્મરણ, જીનેશ્વર ભગવાનની પૂજા, તથા પોષહ, પ્રતિક્રમણ, આંબિલ, નીવી, અપવાસ, વીગેરે વ્રતો ઘણાંજ ભાવપૂર્વક કરવા લાગ્યો. દાન, શિયળ, તપ, અને ભાવ, એવા મુક્તિ નગરના જે ચાર માર્ગ તેને શુદ્ધ ભાવથી આરાધવા લાગ્યો.

તેવા સમયમાં ગામોગામ વિચરતા તથા ઉપદેશ કરતા એવા ધર્મઘોષ નામે આચાર્ય ત્યાં પધાર્યા. તેમને વંદન કરવા માટે પુરવાસીજનો સહિત રાજા ગયો. મુનિરાજને વંદન કરી સર્વે મનુષ્યોના બેઠા પછી મુનિરાજે સમયોચીત્ત નીચે પ્રમાણે ઉપદેશ આપવો શરૂ કર્યો.

ઉપદેશ.

" હે ભવ્યો ! જે સ્ત્રી, પુરૂષો, શિયળરૂપી કલ્પવૃક્ષનું હંમેશાં અડગપણે આરાધન કરે છે, તેઓની સેવામાં દેવતાઓ પણ હાજર રહે છે, મ્હોટા સિંહો પણ શિયાળ થઇ જાય છે તથા મણિધર નાગ પણ ફુલની માળા બની જાય છે. એ રીતે તમામ સંકટ શિયળના પ્રભાવથી દૂર થઇ જાય છે. આ જગતમાં બે ઉપવાસ, ત્રણ ઉપવાસ, ચાર ઉપવાસ, પંદર ઉપવાસ અને માસખમણ, વીગેરે ઉગ્ર તપ કરનારા ઘણા પુરૂષ તથા સ્ત્રીઓ છે, પરંતુ અખંડીત શિયળ વ્રતે કરીને પવિત્ર થએલા એવા મહામુનિઓ પણ થોડાજ હોય છે. અર્થાત શિયળ વ્રત પાળવું ઘણું કઠીણ હોવાથી અખંડીત શિયળ વ્રત પાળનાર સત્પુરૂષો જવલેજ હોય છે. કહ્યું છે કેઃ—

श्लोक.

जाणंति धर्म तत्वं कथयंति भावयंति भावना च
भवकातराः अपि शीलं धृत्वा पालयंतिनो प्रवराः

શિ. મા.

અર્થ—વારંવાર જન્મ ધારણ કરવારૂપ ભવે કરીને કાયર થએલા ઘણા ઉત્તમ કુળ જાતિવાળા સંસારી જીવો જીનેશ્વર ભગવાને કહેલા ધર્મતત્વને જાણે છે, બીજાઓની પાસે તે તત્વોનો ઉપદેશ કરે છે, અને અનિત્યાદિ બાર પ્રકારની ભાવનાઓને પણ ભાવે છે. પરંતુ તેઓ અખંડિત શિયલવ્રતને ધારણ કરીને પાળી

શકતા નથી. અર્થાત તેઓ સિંહની પેઠે ચરિત્ર લેઇને તેને પાળવામાં શિયાળની પેઠે અધીરા થઇ જાય છે. શ્રી ઠાણાંગ સુત્રના ચોથા ઠાણામાં ચાર પ્રકારના પુરૂષ કહ્યા છે, તે આ રીતે:—૧ કેટલાક સિંહની પેઠે વ્રત લેઇને સિંહની પેઠે પાળે છે. ૨. કેટલાએક સિંહની પેઠે વ્રત લેઇને શિયાળની પેઠે પાળેછે, ૩. કેટલાએક શિયાળની પેઠે વ્રત લેઈ સિંહની પેઠે પાળેછે, અને ૪ કેટલાએક શિયાળની પેઠે વ્રત લેઇને શિયાળની પેઠે પાળે છે. એ ચાર ભાંગામાં પેહેલો અને ત્રીજો ભાગો શ્રેષ્ટ છે, તેમજ બીજો અને ચોથો આદરવા લાયક નથી. વળી

શ્લોક.

दान तपो भावनादि धर्मेभ्यः सुदुस्करं शीलं
इति ज्ञात्वा भो भव्याः अति यत्नं कुरुत तत्रैव

શી. ભા.

અર્થ—અભય, સુપાત્ર, અનુકંપા, ઉચીત્ત અને કીર્તિ એ પાંચ પ્રકારનાં દાન, અનશન, ઉનોદરી, વૃતિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ, અને ઇંદ્રિય પડિ સંલિનતા, એ ૭ પ્રકારે બાહ્ય તપ, તેમજ પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાર્યોત્સર્ગ, એ ૭ પ્રકારે અભ્યંતર તપ મલી બાર પ્રકારનું તપ, અને અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, સુબોધી, જીનધર્મ. એ બાર પ્રકારની ભાવનાઓ વિગેરે, ધર્મથી પણ શિયળવ્રત પાળવું કઠણ છે. કહ્યું છે કે—ભાવના દાન ક્ષણવારનું છે, તપની સ્થીતિ પણ નીયમીત

છે, પરંતું શિયળવ્રત યાવજ્જીવ પર્યંતનું હોવાથી તે પાળવું કઠણ છે. એમ જાણીને હે પ્રાણીઓ! તમો તે વ્રત પાળવામાં ઉત્કૃષ્ટ આદર કરો. પણ "શિયળ પાળવું તો દુસ્કર છે" એમ જાણીને મુકી દેશો નહિ. ઈત્યાદિ તથા મોહમહા ચરી, મિથ્યાદર્શન, કુદ્દષ્ટિ અને કુધર્મ બુદ્ધિ વિગેરેના દુર્ગુણોનું સવિસ્તર વર્ણન કરીને શુદ્ધ ધર્મના ગુણોનો બહુ અસરકારક ઉપદેશ આપ્યો. જે સાંભળીને કઠીઆરાની વૃત્તિ આ અસાર સંસાર ઉપરથી વિલીન થઇ ગઇ, અને તેજ વખતે તમામ રિદ્ધિ સીદ્ધી પ્રધાન પદવી તથા સંસારના તમામ મોહમમત્વને ત્યાગી દેઇ તે મુનિમહારાજ પાસે દિક્ષા અંગિકાર કરી પંચમહાવ્રતનું પાલન કરવા લાગ્યા. તથા છકાય જીવોની રક્ષા કરી પંચ સુમતીને સદા સેવવા લાગ્યા. અને ત્રણ ગુપ્તિના ધારક થઇ અગ્યાર અંગ તથા બાર ઉપાંગનું રૂડી રીતે અધ્યયન કરી તપ વીગેરે ક્રીયા કરતાથકા શુદ્ધ આહાર પાણી લેવા લાગ્યા. અને ભ્રમરની પેઠે દેશોદેશ પર્યટન કરી ઉપદેશ કરતા તથા ખાંડાની ધાર મૂજબ વૃત પાલન કરતા બાવીસ પરિસહ વેઠી કર્મદલનું છેદન કરી, દશ પ્રકારે યતિધર્મ સાચવી, ક્રોધ, માન, માયા, લોભને તજી નિર્મલ ચારિત્ર પાળવા લાગ્યા. અને શીલરૂપી વસ્ત્રને પરિધાન કરીને ક્ષમારૂપી ખડગ પાસે રાખી કર્મદલ શત્રુ સામે સિંહ સમાન અડગ રીતે યુદ્ધ કરતા. કોઇપણ પરિવાર વિના પૃથ્વી ઉપર એકલા વિચરવા લાગ્યા તથા અનેક તિર્થોની યાત્રાઓ કરી અનેક પ્રાણીઓને સંસારસાગરથી તારી પોતાના કર્મદલનું છેદન કરતાં પોતાનો અંતિમ સમય પાસે આવતો જોઈ સદ્ગુરૂની સાક્ષીથી તમામ દોષોને આલોવી ચોરાસીલાખ જીવાયોનીને ખમાવી અણસણ આદર્યું. આયુષ્ય પૂર્ણ થતાં કાળથકી દેવલોકમાં દેવપણે

ઉપન્યા ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી અષ્ટકર્મનો ક્ષય કરી મોક્ષના સુખને પામશે. એ રીતે શિયળના મહિમારૂપ કાન્હડ કઠીઆરાનું ચરિત્ર સમાપ્ત થાય છે.

વાંચનાર ! કાન્હડ કઠીઆરાના ચમત્કારીક ચરિત્ર ઉપરથી બોધ લેવાનો એ છે કે શીયળ એ મનુષ્યનું પરમ ભુષણ છે, શીયળથી સર્વે પ્રકારના ઉપસર્ગનો નાશ થાય છે, વાંછિતાર્થની સિદ્ધી થાય છે. માટે દરેક મનુષ્યે શિયળશાળી થવામાં ઊદ્યુક્ત થવું. બીજું જે જે શિક્ષા વચનો છે તે વાંચી સાર ગ્રહણ કરવો.

કાન્હડ કઠીયારો સર્વ રીદ્ધિ સિદ્ધિ પ્રધાનની પદ્વી તથા અનેક જાતના મોજશોખનો ભોગ આપી શુદ્ધ ચારિત્ર અંગીકાર કરવાને ભાગ્યશાળી થયો એટલુંજ નહિ પણ ચારિત્ર ગ્રહણ કર્યા પછી પણ પૂર્ણભાવે પાળી દેવગતિને પામ્યો. એમ વિચારી ચારિત્ર ગ્રહણ કરવાને ઊદ્યુક્ત થવું. જેથી ઊત્તમ ગતિ પ્રાપ્ત થાય. અસ્તુ.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર ગ્રહસ્થોના મુબારક નામ.

નકલ	નામ	નકલ	નામ
	વીરમગામ.		
૧૦૦	વોરા. શંકરભાઇ લખમીચંદ	૧	શા. કેશવલાલ કચરાભાઇ
૧૦	શા. અમરશી વીરચંદ	૧	શા. અભેચંદ માણેકચંદ
૧૦	શા. વીરચંદ વાલચંદ:	૧	શા. ગમાન ચારસીભાઈ
૧૦	શા. રતીલાલ મોહનલાલ	૧	શા. વાડીલાલ કેશવજીભાઇ
૧૧	શા. કેશવજી રાજપાલ	૧	શા. જસરાજ ઓતમ હેબતપુર
૬	ઝવેરી. રતીલાલ પોપટલાલ	૧	પારી ગીરધર જસરાજ
૫	પારી. મોહનલાલ છગનલાલ	૧	સંઘવી છોટલાલ જોઇતારામ
૫	શા. ચુનીલાલ અમુલખ ભોજ વાવાળા	૧	શા. લખમીચંદ માણેકચંદ
		૧	શા. સોમચંદ પુરૂષોતમદાસ
૫	શા. મગનલાલ સુખલાલ	૧	શા. ચુનીલાલ અમથારામ
૫	ભાવસાર હીરાચંદ મેરાજ		હરીપુરા
૫	શા. ધનજી ગુલાબચંદ	૧	મણીલાલ મોહનલાલ ભણીઆર
૮	જખવાડીયા અંમૃતલાલ નાથાલાલ	૧	શા. નાનાલાલ છગનલાલ
૫	શા. મફતલાલ ચતુરદાસ	૧	દોસી. સકરચંદ આસારામ
૫	ઝવેરી હરીલાલ ધનજીભાઇ	૧	શા. દલસુખ ખેતસીભાઇ
૫	શા. કમલસીભાઈ લાડકચંદ	૧	દોસી કાળીદાસ ભુદરદાસ

૪ ભાવસાર હરજીવન રગનાથ
૩ શા. તલકશી ઝવેરભાઇ
૨ સંઘવી કસ્તુર ચત્રભુજ
૨ શા. છગનલાલ કાળીદાસ
૨ શેઠ. આતમારામ ઝવેરભાઇ
૨ શા. વ્રજલાલ સુખલાલ
૨ શા. સકરચંદ ચુનીલાલ
૨ સુરતી અંબારામ હરજીવન
૨ શા મોહનલાલ લલુભાઈ
૨ ડોકટર તારાચંદ લાલચંદ
૨ શા. ગાંડાલાલ લાલચંદ
૨ શા. કેશવલાલ લાલચંદ
૨ શેઠ. નારણ જીવણભાઇ
૨ ભા. આસારામ મુલચંદ
૨ શા. પોપટલાલ કેશવલાલ
ઓગણુજ વાળા
૨ શા. લલુભાઈ નાનચંદ
૧ શા. મગનલાલ પાનાચંદ
૧ મોદી ગોકળભાઇ ટોકરભાઇ
૧ પારી. હરીલાલ ભુદરદાસ
૧ શા. શાન્તિલાલ ત્રીભોવન
૧ છગનલાલ
૧ ઠક્કર. વાલજી ખુશાલ
૧ દોસી. સુંદરજી મગનલાલ

૨ કપાસી મફતલાલ ડાહ્યાભાઇ
૧ શેઠ. ખોડીદાસ કાળીદાસ
૧ સા. જેમલ ઇશ્વરદાસ
૧ પારી. વાડીલાલ ડાહ્યાભાઇ
૧ સંઘવી નથુભાઈ પોપટલાલ
૧ શા. ગોપાલભાઈ કેશવજી
૧ શેઠ માધવજી વાલજીભાઇ
૧ સંઘવી ચીમનલાલ કલ્યાણજી
૧ ગાંધી. આત્મારામ પોપટલાલ
૧ ગાંધી અમરસી રતનશીભાઇ
૧ શા. નગીનદાસ ત્રીભોવનદાસ
૧ શા. સકરચંદ ડુંગરશીભાઇ
૧ ગાંધી ખકોરભાઇ માવજીભાઇ
૧ શા. મણીલાલ ઘેલાભાઇ
૧ વ્યાસ ઓઘડલાલ બાપુજી
૧ મોદી ભટાભાઇ હીમજી
૧ શર્મા ગીરજાશંકર પુરૂષોતમ
૧ શા. દલસુખરામ ઉકમશી
૧ કેશવલાલ રંગજીભાઇ
૧ સોની ડોસાભાઇ ઘેલાભાઈ
૧ મેતા. રેવાશંકર કાશીરામ
૨ ભાવસાર મુલચંદ કેવળભાઈ
૧ શા. કચરાભાઇ કરમચંદ
૨ સંઘવી ચીમનલાલ કેશવજી

૧ શા. નાનચંદ પુરસોતમ
૨ શા. તલકચંદ દેવશીભાઈ

દેકાવાડા.

૧ શા. ખોડીદાસ દેવચંદ
૧ શા. ઉમેદ ભાયચંદ
૧ શા. અમથાલાલ સુરચંદ
૧ શા. કાળીદાસ પીતામ્બર
૧ શા. મલુકચંદ ખોડીદાસ
૧ શા. રાયચંદ લખમીચંદ
૧ શા. છગનલાલ ખોડીદાસ
૧ શા. નાથાલાલ પાનાચંદ
૧ શા. કસ્તુર હરગોવન
૧ શા. કેશવલાલ પ્રાણલાલ
૧ શા. લખમીચંદ દલસુખ
૧ શા. રવચંદ ગુલાબચંદ
૧ શા. વીઠુલ ભાયચંદ
૧ શા. મફતલાલ નાગરદાસ

ગુંજાળા.

૨ શા. લલુભાઇ પ્રેમચંદ
૧ શા. ચંદુલાલ છગનલાલ
૧ શા. મોહનલાલ ગુલાબચંદ
૧ શા. હાલાભાઇ પાનાચંદ
૧ શા. પુંજાલાલ ત્રીભોવન
૧ શા. ગુલાબચંદ સુરચંદ
૧ શા. ગણેસ ત્રીભોવન

વસ્તડી.

૧ શા. મોહનલાલ રણછોડદાસ જૈન લાયબ્રેરીના સેક્રેટરી
૧ શા. ગુલાબચંદ હંસરાજ
૧ શા. ગુલાબચંદ હીમજી
૧ લાલજી જેસીંગ મામનોરા
૧ છેલશંકર રામચંદ્ર ત્રીવેદી
૧ માણેકલાલ હરવનદાસ વડોદરીયા

દાહોદ.

૨ શા. રંગજી મૂલચંદ
૨ શા. ખોડીદાસ અમીચંદ
૧ શા. મોહનલાલ લલ્લુભાઇ
૧ શા. પુંજાભાઈ અમીચંદ
૧ શા. કેવળદાસ ગુલાબચંદ
૧ દોશી કાળીદાસ મેઘજીભાઇ
૧ શા. બુદરદાસ મનોરભાઇ
૧ શા. પુંજાભાઇ ગુલાબચંદ

વાવ.

૩ સંઘવી વીરચંદ ઉજમસીભાઇ   ૨ સંઘવી દેવસી જેઠાલાલ

કુંભારીયા.

૧ પારી ભુદરરાસ નેમજીભાઇ

સાદરા.

૧ શા. લલ્લુભાઈ લાડકચંદ

માંગરોળ.

૨ દોશી ખીમચંદ ચંદરજીભાઇ

મુંબાઈ.

૧૦૦ શા. છગનલાલ નેમચંદ
૬ મેતા. લાલચંદ વાલજી
લીયાવાળા
૫ શા. રાજપાલ દેવસીભાઇ
૫ મેતા. ચુનીલાલ પ્રેમચંદ
લીયાવાળા
૪ દોશી. જીવરાજ છગનલાલ
મેથણવાળા
૨ દોશી ઠાકરશી જસરાજ
બોટાદવાળા
૨ શા. વાડીલાલ નથુભાઇ
ધ્રાંગધ્રાવાળા
૨ ટોળીઆ. જટાશંકર સવજી
૧ મણીલાલ કેશવજી શાહ.
વીરમગામવાળા
૧ શા જીવણલાલ લાલચંદ
વીરમગામવાળા
૧ શાહ. કસ્તુરચંદ દેવચંદ
૧ શા. જગજીવનદાસ ખોડીદાસ
૧ શા. રાયચંદ માવજીભાઇ
૧ શા. ત્રંબકલાલ વીરસી
લીમડીવાળા
૧ શા. પોપટલાલ ગુલાબચંદ
સરવાળ વાળા

૧ શા. જગજીવન ઠાકરશી લીંબાડવાળા

૧ શા. સોમચંદ આણંદજી પ્રાગધ્રાવાળા

૧ શા. મગનલાલ હરજીવન મેથાણવાળા

૧ શા. જસરાજ હરજીવન વીરમગામ વાળા

૧ મોહનલાલ ફૂલચંદ મઠીયા લીંબડીવાળા

૧ શા. મથુરદાસ છગનલાલ રાજકોટવાળા

૧ ભાઈ પરસોતમ પ્રેમાભાઇ

૧ ,, મોરારભાઇ મારીઆભાઇ

૧ ,, દુર્લભદાસ કરસનભાઈ

૧ ,, ડાહ્યાભાઇ રામભાઈ

૧ ,, જીવણભાઇ કાકાભાઇ

૧ ,, ભીખાભાઇ દુર્લભભાઇ

૧ ,, નારણભાઇ ગોવીંદભાઇ

૧ ,, સુખાભાઇ કાનજીભાઇ

૧ ,, બુધાભાઇ લાલાભાઇ

૧ ,, રણછોડભાઈ કોડીઆ

ગામ પેથાપુર.

૨ ડાહ્યાભાઇ માણેકચંદ

૨ બબલદાસ હુકમચંદ

મફત! મફત!! મફત!!!

[illegible]

[illegible]

[illegible]

એક વાર [illegible]

[illegible]

અગરબત્તી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]